# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

પ્રજાસત્તાક દિન કાર્યક્રમ
૨૬/૦૧/૨૦૨૧

## -: પ રિ પ ત્ર :-

સમગ્ર દેશમાં દર વર્ષે રાષ્ટ્રીય પર્વોની ઉજવણી ખુબ જ ભવ્યતા અને ઉત્સાહથી કરવામાં આવે છે. આ વર્ષે પણ પ્રજાસત્તાક દિન, ૨૬ જાન્યુઆરી-૨૦૨૧ ની ઉજવણી આટલી જ ભવ્યતા અને ઉત્સાહથી કરવામાં આવશે. હાલમાં, નોવેલ કોરોના વાઇરસ (કોવીડ-૧૯) ના રોગચાળાનો પ્રસાર થયેલ છે અને કોવીડ-૧૯ ના સંક્રમણનો ફેલાવો ન થાય તે માટે કેટલાંક નિવારક પગલાના ભાગરૂપે સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવવા, માસ્ક પહેરવા, યોગ્ય સેનિટાઇઝેશન સાથે એકત્રિત થવા માટે ભારત સરકારના ગૃહ મંત્રાલય અને સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આપવામાં આવેલ કોવીડ-૧૯ અંગેની માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવાનું રહે છે અને તેને ધ્યાને લઇને જરૂર મુજબ ઈ- ટેકનોલોજીના ઉપયોગ ધ્વારા પ્રજાસત્તાક દિન ૨૦૨૧ ની ઉજવણી કરવાની રહે છે. ૨૬મી જાન્યુઆરી-૨૦૨૧ ના રોજ ૭૨મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ ડૉ.આર.વી.વ્યાસ, માન.કુલપતિશ્રીના વરદ હસ્તે યોજવામાં આવનાર છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેવા યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓને તથા સ્ટાફને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

**સ્થળ: "યુનિવર્સિટી ભવન" આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**
**સમય: સવારે ૮.૩૦ કલાકે**

જા.નં.આકૃયુ/વિક/ધ્વજવંદન/૯૯૬/૨૦૨૧
તારીખ: ૨૦/૦૧/૨૦૨૧

નિયામક
વિધાર્થી કલ્યાણ

**નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આકૃયુ, આણંદ
૨. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ
૩. આચાર્યશ્રી/ડીનશ્રી, કૃષિ/વેટરનરી/ડેરી/એફપીટી/એગ્રી.આઇ.ટી/એમબીએ/બાગાયત મહાવિધાલય, આકૃયુ, આણંદ તેમજ તમામ પોલીટેકનીકના વડાશ્રીઓ તરફ
૪. નિયામકશ્રી, પ્રસાર શિક્ષણ ભવન,આકૃયુ,આણંદ તરફ જાણ તથા ફોટોગ્રાફી માટે ફોટોગ્રાફરની વ્યવસ્થા કરવા વિનંતી.
૫. કાર્યપાલક ઇજનેરશ્રી, આણંદ/- ઉકત વિગતે સંલગ્ન તમામ વ્યવસ્થા ગોઠવવા વિનંતી.
૬. આચાર્યશ્રી, કૃષિ પોલીટેકનીક, આકૃયુ, આણંદ તરફ જાણ તથા આ કાર્યક્રમ માટે સાઉન્ડ સીસ્ટમની સર્વે વ્યવસ્થા કરવા વિનંતી.
૭. શ્રી પી.એ. ગોહિલ, ફીઝીકલ ઇન્સ્ટ્રક્ટર, બં.અ.કૃષિ કોલેજ, આણંદ તરફ જાણ તેમજ પરેડ કમાન્ડરની જવાબદારી અદા કરવા સારૂ.
૮. શ્રી પી.એસ પંચાલ, મદદનીશ પ્રાધ્યાપકશ્રી ,ધ્વજ રક્ષક તરીકે જવાબદારી અદા કરવા સારૂ.
મારફત: આચાર્યશ્રી, કૃષિ પોલીટેકનીક, આ.કૃયુ, આણંદ
૯. ડૉ. જે.બી.નાયક, સહ પ્રાધ્યાપકશ્રી, વેટરનરી કોલેજ, આકૃયુ, આણંદ તરફ સમગ્ર કાર્યક્રમના ઉદ્દઘોષક તરીકેની કામગીરી કરવા સારૂ.
મારફત: આચાર્ય/ડીનશ્રી, વેટરનરી કોલેજ, આકૃયુ, આણંદ